ભજનસાર સંગ્રહ.

ભજન, પદ, ગ્નાનવઝનાં સવૈયા તથા અરજાનુ ગીતો

નો સંગ્રહ કરી તપાશીને છપાવીઓછે

ભાગ ૧ લો

છપાવનાર

બાબુલ ગુલામહુશેન.

મુંબઈ

કોટમાં ઇસ્ટર્ન પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું

સને ૧૮૮૪.

કીંમત આના ૪

([illegible]).

ભજનસાર સંગ્રહ.

ઠુમરી.

લાગી લગન નિરગુનમેં, ભલા મેરી લાગી લગન નિરગુનમેં.—ટેક
સતગુરૂ વાક્યકી ચોટ લગી સો, ખટકત હૈ મેરે મનમેં.—૧
અબ અસત જડ નામ રૂપ સબ, નાશ હોત છિન છિનમેં.—૨
જીકે ખાતર મુનિજન નિસદિન, ઢુંઢત હૈ બન બનમેં.—૩
પરાણીક પરોક્ષ બતાયો સો. ગુરૂને બતાયો મેરે તનમેં.—૪
નિરગુણ બ્રહ્મ નિરંજન સોહં", વ્યાપક હૈ રે સબનમે.—૫
સત્યં જ્ઞાન અનંત જણાવત, દેવ કૃષ્ણા શ્રુતિ ધનમે. ૬

ઠુમરી.

અબ મન મગન ભયો ગુરૂ પદમેં—ટેક.
શાસ્ત્ર હદ દુર કરીકે, આઇ લગો અન હદમે: અબ—૧
નિગમ અગમ જો રૂપ કહાવત, સો આનંદ સત ચિદમે; અબ.—૨
ઇંદ્રિય દેહ પ્રાણમન આદી, સો નહીં હું રે દુબદમેં; અબ.—૩
સદગુરૂ રામ ધાત પહુંચાયો, ગરક ભયો તહાં સદમે; અબ.—૪
દેવ કૃષ્ણ ગુરૂ કેશકે ચરન, હોવહુ નિજ શિર મદમેં; અબ. ૫

ભજન અંતર શોધન.

એહ ખુબ બન્યો છે આસમાન ઉનકા, અજબ બન્યો છે આસમાન
ઉનકા, ન્યારા ન્યારા ખેલ હૈ.—ટેક
એહ મુળ કમળ તો જ્યારે આવીને જાએ વાલા, ત્રવેણમા એનો વાસ
ગુરૂ મારા, વંકનાળે તો જ્યારે રમતો દીઠો, ત્યારે ન આવે ગુરૂજીને તોલ
ઉનુકા; ન્યારા.—૧ એઈ નાભિકમળ તો જ્યારે ઉલટીને આવ્યો
વાલા. અહિં જઈ ઉભો રહ્યો; દશમે દ્વારે ચડી કરે હોકારા, ત્યાં
ન આવે ગુરૂજીને તોલ; ઉનકા.—૨ એઈ બાવન ગજની જ્યારે
ધજા ફરકે વાલા, ઝલરનો ઝણકાર ગુરૂ. મારા, શુનચક્રપર જ્યારે કરીને
દીઠી, ત્યારે આણધડી બેઠા એની પાસ; ઉનકા.—૩ એઈ શુન ચક્રપર
જ્યારે કરીને દીઠી, ત્યારે સતગુર બેઠા એની પાસ ગુરૂમારા, જોવા પ્રતાપે
જ્યારે ભાગુરે જવાની, ત્યારે સનમુખ ઉભા એની પાસ ઉનુકા.—૪

ભજન અંતર શોધન.

[illegible] તત્વકા બન્યા પુતલા, છુટા હૈ ગુણ તીનકા હોજી.
ગુરૂ ગમસે આરે ગગનાસુજે, તપક બુજાયા તનકા;
મે ગભરૂ ગુરૂકા જીને લીયા ગગનઘર બંકા હોજી.—૧
નાદ ખંજરી નોબત બાજે, ને ઘોર બાજે ઘનુકા હોજી;
ઘેરી મોરલી બાજે ગગનમે, શબ્દ સુનાયા સુનકા; મે ગભરૂ.—૨
અડ મુનિ આકાશે ચડેયા, દોર લગાયા દમકા હોજી;
મન પવનકા ફેર મગાયા, હુઆ બેજ સનમુખા. મે ગભરૂ.—૩

તેજ તખત પર જ્યોત જલત હૈ, જોર નહીં ત્યા જમકા હોજી;
કહે રવિદાસ સંતો ભાણ પ્રતાપે, પ્રેમ આવેરે જીવાણકા. મે ગભરૂ.—૪

રેખતો.

મન મીઆ કરતમ ઘાત કીઆ, દમ ગુજરા કીજીએ—ટેક.
સમજ ચિતકું ઠોર રખ, ધુનકી ધુની દીજીએ;
બેઠ આસન મગન મનમે, નામ તુંહી તું લીજીએ. મનમીઆ.—૧
કાન કુંદી સબદ સોટા, સમજ સભજા લીજીએ;
રટક ઘોટા નામકા, ભર પ્રેમ પ્યાલા પિજીએ. મનમીઆ.—૨
રૂવે રૂવેએ બાગ ખિલા, કિનકું ન દેખન દિજીએ;
બીસતરા આબાદ રખ, ઉપર બેઠકે જગ જીતીએ. મનમીઆ.—૩.
હંસ ચમંન ગુલબારહો, ગુલજાર દેખી પતિજીએ;
કાધી જો બેલી મેરે હાલકા, હરદાસ તુંહી તું કીજીએ. મન.—૪.

પદ નાનકશાહનું

હારે જાકું લગા સધગુરૂ બાણ, ઘાયલ કીયું જીવે;
જાકું લગા મેહકા બાણ, ઘાયલ કીયું જીવે.—ટેક.
રામ રટન સધા ભરપુરાવે, હરે જાકું દેહી દરસ્યા નહીં નામ;
મર જીવ્યા જીવે. જાકું. —૧.
જ્ઞાન ગરીબી સદા ગુલતાનાવે, હારે જાકું હરદમ તાલ હમેગ;
પ્યાલા મસ્તક પીવે. જાકું. —૨.

...સો મેરે પીયા સંગે, હરિ વાંકી સેહેજ અનોપમ સાર;
અમીરસ લેહ પીવે. જાકુ. —૩
[illegible]ગલડી ગતી ઘાયલ જાણે, હરે જાકું પ્રેમ પીડા હૈ અંગ;
પ્રેમ રસ વોએ પીવે. જાકું. — ૪
અંતરમાં એક નિરંતર પ્રગટ્યો વે. [illegible] નાનકથા નિરધાર;
અજવાળો એક પીવે જાકુ.—૫

પંથ પરસોતમનું

સમજે કોઇ સંત સુજાણ, મેરા મન વહાં વસે.—ટેક.
તખત ત્રિવેણીકે ઘાટમેં ભાયા, ત્યાં હુએ જગમગ જોત;
[illegible] વહાં સંચ નહી ભાયા, પાઉ વિના પોહોંચત. મેરા.—૧
[illegible] પિંગલા સુખમના ભાયે, ચેતન હુએ કોટવાલ;
[illegible]રે ઝાપડ ઝાંઝર વાજે, ભાયે વાગુરે ડંકે ઘડીયાળ. મેરા.—૨
રણુંકારકી ધુનમેં ભાયે, અરધ નામ હૈ આધાર;
અજર પાજાપ વહાં જપે, ભાયા લાગી રહ્યા ઝણુકાર. મેરા.—૩
[illegible] દેવલ હૈ. ભાયે તિલ જેતના હૈ કમાડ;
[illegible]હે પુતરો રમ રહ્યો, ભાયા સોહી તેરા સરજન હાર. મેરા.—૪
મેહેર [illegible] મહારાજકી ભાયે, અનભય માંહિ સમાય;
પરસોતમ પયદા ભયા, સમરો દેહીતણો દાતાર. મેરા.—૫

પંથ હરીદાસનું

મુકની મુકતું હડ અભાગી. હરી નામે રહેજે તું જાગી.—ટેક.
હરીનું નામ તુંને લાગે ખારૂં, હડમેસ વચન માની મારૂં. મુક.—૧

હઠે હરણાકશને શું થયું, પોતે મુવોને રાજ્જ ગયુ. મુક. —૨
હઠે રાવણને શું થયું જુવો, રાજ ગમાવીને પોતે મુવો. મુક.—૩
હઠે હાર્યો દુર્યોધન જેવા, હઠ તજી કર હરીની સેવા. મુક.—૪
હરીની પ્રલાદે કીધી સેવા, વળી રાજા હરીચંદ્ર જેવા. મુક.—૫
રાજા ધર્મ ભક્તિએ સિધ્યા, તેણે રાજ તજીને દીધાં. મુક.—૬
હરીની ભક્તિએ રહેજો જાગી, હરીદાસ કહે મને મીઠી લાગી.—૭

રાગ ધધના.

શ્યામ શ્યામ શ્યામ નામ, સમરો તમો ભાઇ ;
સત્ય છેજ શ્યામ નામ, એમ બોલો સૈ ગાઈ. શ્યામ—ટેક.
ભજન સૈ ઉમંગે કરો, હુશીયાર તમે થાઇ;
ગંગા જમના સરસ્વતી, તેમાં પાક થાઓ નાઈ. શ્યામ —૧
એ તિરથ મોટાં જાણો, તે કરો તમે જાઈ;
એ વિના ત્રીલોકમાહી, મોટાં નથી કાંઈ. શ્યામ —૨
શ્યામની સમરણી કરી, તો થાશે ભલાઈ;
કહે હરીદાસ સમરણથકી, અમર પદમી પાઇ. શ્યામ —૪

ભજન.

[illegible]રો અમાવર ઉપકાર, ઇશ્વરા કરા અમાવર ઉપકાર.—ટેક.
[illegible]ર્વે આહેત તુમની માઉી, ત્યાલા તુમીં ઉતરા પાર. ઇશ્વરા—૧
[illegible] સૈસારાતુન અમાલા, હાથ ઓઢુન કાઢા બાર. ઇશ્વરા—૨

અમાસ તુમચે દરશન પાહુન; મન ઝાલે થંડગાર. ઈશ્વરા—૩
હાથ જોડુન હરીદાસ મને; હે વેનતી કરીતો આમી ફાર. ઈશ્વરા—૪

ધોળ.

ચુંદડીવના શું આઠ્યોરે, જગતરના છેયા.

એ રાગ.

ભજન કરી લે ભાવે રે, ભવ ભટકણ ભાગે;
સંસાર સાગર તરતાંરે, ક્ષણું વાર ન લાગે.—૧
માયા મોહ નિદ્રામાં રે, ગાફલ શું ઘોરે;
પાંચ ચોર વસે પાસે રે, આતમ ધન ચોરે.—૨
અચેત શું ઊંઘે છેરે, જોને આંખ ઉઘાડી;
વેગે વાણશી જાશે રે, કાયાની વાડી.—૩
ચેત ચિદાનંદ મળશે રે, ટળશે અંધારૂં;
આ અવસર છે રૂડો રે, હોય કારજ તારૂં.—૪
મહા પુરૂષનો મારગરે, તે પગલું સહાજે;
પ્રીતમ પ્રેમ ધરીને રે, હરીના ગુણ ગાજે.—૫

ધોળ ૨.

જા સતગુરૂને સરણે રે, સર્વે સંશય હરશે;
જીવ દશાને ટાળી રે, હરી સરખો કરશે.—૧

ઉગ્ર દશા અનુભવની રે, છે સમજણ મોટી;
મન કંચનને કસવા રે, ગુરૂ જ્ઞાન કસોટી.—૨
હોય હેમ લોહ કેરૂં રે, જેને પારસ પરશે;
થાય મહા મુગતા ફળરે, જળ સ્વાતી વરશે. ૩
છીપ રહે સાગરમાં રે, માંય મોતી નિપજે;
જ્ઞાન મનીકા પરશે રે, તેને રીતુ ઉપજે.—૪
સંત સંગે નર સમજે રે, સૌ દુખ્યા જાશે;
પ્રીતમને પ્રાણીનુ રે, સૌ કારજ થાશે.—૫

ધોળ ૩.

કર હરિ સમરણ સાચું રે, કાચું તન તારૂં;
મનથી મુકી દેજે રે, માયાનું લારૂં.—૧
માયા છે મહા ઠગાણી રે, ઠગ વિદ્યા કરશે;
જ્ઞાન ધ્યાન ધન ધીરજ રે, હેલામાં હરશે.—૨
માયા બંધન બહુ છે રે, તેને તું તજને;
મોહ ઉપજાવે સૌનેરે, સુરનર મુનિ અજને.—૩
અતિ અપાર બલ માયા રે, ડાહ્યા જન જાણે;
જેણે ગોવિંદ ગુણ ગાયા રે, તે ભય નવ આણે.—૪
ભજન પ્રતાપે ભવ જળ રે, ગઉપદની પેરે;
[illegible] અભય પદ માણે રે, આનંદની લેહેરે.—૫
સદા સરવદા સુખમાંરે, દુખમાં નવ [illegible];
પ્રીતમ સરવે પ્રભુનું રે, પરમારથ [illegible].—૬

ધોળ ૪.

જે પરમારથ પ્રીછે રે, તેને પાપ ન પેશે;
રૂપ અનુપમ હરિનું રે, સચરાચર દર્શે.—૧
સૌ સામગ્રી હરિની રે, હરિના થઈ રહેજે;
હરિને અરપણ કરીને રે, ઉગરે તે લેજે.—૨
સાચે રાચે રસિયોરે, પરપંચ પર હરજે;
હેતારથ હરિજન શું રે, દુરીજનથી ડરજે.—૩
હું મારૂં હરદેથીરે, ટાળીને રમજે;
વિશ્વ આતમા વિષ્ણુ રે, નિરખીને નમજે.—૪
અસત્ય આલપ ન કીજે રે, સત વચન ઉચરજે;
પ્રીતમ પ્રેમ નિરંતર રે, પ્રભુજી શું કરજે.—૫

પદ મીરાંબાઈનું

પ્રેમની પ્રેમની પ્રેમની રે, મને લાગી કટારી પ્રેમની;—ટેક.
જળ જમુનામાં ભરવા ગયાતાં, હતી ગાગર માથે હેમની રે; મને.—૧
કાચે તે તાંતણે હરિજીયે બાંધી, જેમ ખેંચે તેમ તેમની રે; મને.—૨
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, શાંમળી સુરત શુભ એમની રે; મને.—૩

ગરબી.

નાથને નાથને નાથને રે, અમે ભજિયે નિરંજન નાથને;—ટેક.
જે બંધાણેલ તે કયમ છોડે; બીજાના બાંધેલ હાથને રે; અમે ભજિયે. ૧

મમતા મોહમાં જે ભુલ્ય ભટકે; શોધે તે કામના ના સાથને રે; અમે. ૨
રાગ અવિદ્યાનો અમને ન આવે; પીધો છે જ્ઞાનના ક્વાથને રે; અમે. ૩
ચૈતન્ય કલ્પતરૂ તજિ કયમ ભરિયે; જુઠ જડ બાવલ બાથને રે; અમે. ૪
સચ્ચિદાનંદ કહે બ્રમ્હવાણુ બીજી; અન્ય ન ગાઇયે ગાથને રે; અમે.—૫

અરજુન ગીતા.

સરસ્વતિ છંદના ચાલ.

શ્રી ગુરૂ પ્રતાપે ગાઇયે, કિરપાતે સાધુ જન,
પરિબ્રહ્મ મારે આતમા; મારૂં મન તે અરજુન;
અરજુન શુણો ગીતા સાર, પાંડવ માનજો નિર્ધાર.—૧
અરજુને એમજ પુછિયું, સાંભળો વૈકુંઠ-રાય;
એક સાર ગીતા કહો મને, નિજ ભક્તનો મહિમાય. અરજુન.૨
ત્યારે શ્રી હરિ એમ આચર્યા, અરજુન ધરજો મન;
એ સાર ગીતા સાંભળે, અવતાર તેનો ધન્ય. અરજુન.—૩
ચૌદ લોક તે વશ મારે, બ્રહ્માંડ કેરો ભાર;
તે ધન્ય મારા દાસને, રાખે રૂદય મોઝાર. અરજુન.—૪
જળ મધ્યે જે પદ્મ છે, તેને સ્પર્શી નહીં લગાર;
તે ચિન્હ મારા ભક્તનાં; વળગે નહીં વિષય વિકાર. અરજુન. ૫

સંસારમાં સરખો રહે, ને મન મારે પાસ;
સંસારમાં લેપાય નહીં, તે જાણ મારો દાસ. અરજુન.—૬
મુજ ભક્ત તે મુજને ભજે, હૈયે હોય હેત હમેશ;
તો ભક્ત તેને જાણીયે, જે કરે ન કોઇનો દ્વેષ. અરજુન.—૭
કરમાંહિ તુલસી કરણ તુલસી, કંઠ તુલસી-હાર;
બહુ તિલક છાપાં શોભતાં, મુજ ભકતનો શણગાર. અરજુન. ૮
મારા સાધુને જાણે નહીં, પાખંડ પુજે લોક;
જે દંભ આંડબર કરે, તે જાણું સર્વે ફોક. અરજુન.—૯
ઉત્તમ વરણ થઇ નહિ ભજે, ચંડાળ કહિયે તેહ;
ચંડાળ થઇ મુજને ભજે, તે જાણ મારો દેહ. અરજુન.—૧૦
મુજ ભકત કેરે કારણે, અવતાર લીધા દશ;
હું નિરંજનને નિરાકૃતિ, મને ભકતે કીધો વશ્ય. અરજુન.—૧૧
વળિ દેવ કેરે કારણે, હું ગયો વસમે વન;
રાવણ મારી રાજ્ય આપ્યું, વીભીષણ રાજન. અરજુન.— ૧૧
દુર્વાસા રૂષિયે દુભિયો, મુજ આતમા અમરીખ;
ભય ચક્ર મેલી છેદિયા, મેં ભલિ લગાડી શીખ. અરજુન.—૧૩
બળિરાયને મે બાંધીયો, દેવોનિ કીધી સાર;
પાતાળ આપ્યું રાયને, ત્યા હું રહ્યો છડિહાર. અરજુન.—૧૪
ગોકળ વિષે હું અવતર્યો, શિર પીંછ ધરતો મોર;
ખાતો હું માંખણ તશ્કરી, જગમાં કહેવાયો ચોર. અરજુન. ૧૫
મા જશોદાયે બાંધિયો, હું જોડી ઉભો હાથ;
હું દીન થયો તે દાસનો, ચૌદ ભુવનનો નાથ. અરજુન.—૧૬

વળિ ઈંદ્ર જ્યારે કોપિયો, ત્યારે કોઇ ન આવ્યું આડ;
ગોકુલ રાખ્યું રેલતું, ગોપી લડાવ્યાં લાડ. અરજુન—૧૭.
સોળસે સ્ત્રિયોમાં હું રમ્યો, મારો કોઈ ન જાણે ભેદ;
મારાં ભક્ત કેરે કારણે, મને કહે લંપટ વેદ. અરજુન.—૧૮
વિરચિ વાછરૂ હરિ ગયો, તે કરી ગયોજ અધર્મ;
હું નવાં નિપાવી લાવિયો, મારો કોઇ ન જાણે મર્મ. અરજુન ૧૯
મામાને હું મળવા ગયો, ત્યાં મળી કુબજા નાર;
થોડાક ચંદન કારણે, મેં આપ્યું રૂપ અપાર. અરજુન.—૨૦
વળી પ્રથમ પોળે પેસતાં, પરિયટે દિધી ગાળ;
મેં મારીને વસ્તર લિધાં, સોહાવિયા ગોવાળ. અરજુન—૨૧.
વળિ ત્યાંથી આગળ ચાલતાં, માલણી લાવી હાર;
મેં અર્થ સાર્યો એહનો, આપ્યા પદારથ ચાર. અરજુન.—૨૨
વળિ માર્ગમાં નાપિક મળ્યો, મેં આપ્યું દર્પણ હાથ;
પુર્યા મનોરથ તે તણા, મેં રાખ્યો મારે સાથ. અરજુન.—૨૩
સબંધિ જનને જેહણે, ચંડાળનો તે અંશ;
મારા ભક્ત કેરે કારણે, મેં માર્યો મામો કંશ. અરજુન.—૨૪
મેં સદા માન સંતોખિયો, કાગના કારણ કાજ;
સંપતિ આપી તેહને, નવ નીધિ શુધાં રાજ. અરજુન.—૨૫
એકવાર વીદુર ઘેર જઇ, આરોગિ ભાજી પાન;
મેં લાડ પાળ્યાં દાસનાં, રાજાના મોડ્યાં માન. અરજુન.—૨૬
[illegible] હારિયું, મેં સાર્યો તારો [illegible]
હું [illegible] જિત્યો, મેં હાંકયો [illegible] અરજુન.—૨૭

એકવાર વનમાં હું ગયો, ત્યાં વન હતું ઘનઘોર;
મેં ભાવ જોયો ભીલડીનો, ખાધાં એઠાં બોર. અરજુન.—૨૮
અમે ઘણાં મળિ ગોવાળિયા, રમતા ગયા મહા વન;
બહુ ભાવ જોઈ રૂષિ નારનો, અમે જાચિ લીધાં અંન. અરજુન.
પ્રલ્હાદ પિતુયે પરભવ્યો, મેં થંભ પુર્યો વાસ;
તે દુષ્ટને વીદારીયો, ઊગારી લીધો દાસ; અરજુન.—૩૦.
વળિ ધ્રુવને દુઃખ પમાડિયો, ને કાઢ્યો વનવાસ;
તે બાળકે મને વશ્ય કર્યો, ધન્ય ધન્ય મારો દાસ. અરજુન ૩૧
ચંદ્રહાસ ને હરિચંદ્ર રાજા, ભક્ત મારા તેહ;
પડે વિપત પણ નહિ વીસરે, મારા મુગટના મણિ એહ.—૩૨
જ્યારે સુધનવાને નાંખ્યો તાતે, તેલ બળતી ઝાળ;
મારા દાસને ઊગારીઓ, સંભારતાં તતકાળ. અરજુન.—૩૩:
દ્રૌપદીનાં પટકુળ કાઢિયાં, હું પાસ નહિ તે કાળ;
મારા દાસને વેળા પડી, ત્યારે તુર્ત કરિ સંભાળ. અરજુન.—૩૪
પંચાળિને જ્યાં પરભવી, પાસે હતા પંચવીર;
મારા દાસને મેં પુરિયાં, નવસે નવાણું ચીર. અરજુન.—૩૫
એક કોળિયે કૌતક કિધું, ને લીધું મારૂં રૂપ;
રાજાની કન્યા પરભવી, પરદલ કોપ્યો ભુપ. અરજુન.—૩૬
મેં ત્યાં જઇને શુ કર્યું, મારૂં તેજ મુક્યું માંય;
પરદલનો પરાજ્ય કર્યો, મારૂં બિરૂદ પાળ્યું ત્યાંય. અરજુન, ૩૭
અજામેળ તે મહા પાતકી, વળિ ગુણિકા જેહ;
જો સમરણ કરતાં માહરૂં વૈકુંઠ પામી તેહ. અરજુન.—૩૮

રાજ રાજને ગ્રાહે ગ્રહ્યો, ત્યાં લીધું મારૂં નામ;
ત્યાં એક કરતાં બેઉનાં, અરજુન સીધાં કામ. અરજુન—૩૯
હું મા ને મારા ભક્તમાં, અંતર ન હોય લગાર;
મુજ ભક્તને ઓળખે નહીં, તે ભુલિ ભમે સંસાર. અરજુન ૪૦
મારા ભક્ત સુખિ તો હું સુખિ, દુખિ તો દુખી હું જાણ;
મારા ભક્તને કોઈ પરભવે, તો મને લાગે બાણ. અરજુન. ૪૧
છે સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, જગ થળમાં મારો વાસ;
શુણ ઈંદ્રસુત તુજને કહું, હું થકી અદકો દાસ. અરજુન—૪૨
હું જોગ જનને નહિ મળું, નહિ તપ તિરથ કે દાન;
અરજુન મહિમા જાણજો, મારૂં ભક્તિથી છે જ્ઞાન; અરજુન ૪૩
હું ભક્તને સંગે ફરૂં, મને ભક્તનો આધાર;
અરજુન મહિમા જાણજો, કેહેતાં ન આવે પાર. અરજુન. ૪૪
હરિ ભક્ત મહિમા શુણી અરજુન, પામ્યો હરખ અપાર;
મુર્છિત થઇ અવની પડયો, નેત્ર વહે જળધાર. અરજુન—૪૫
આ ગિતાને જે અનુભવે, જે ગાય નરને નાર;
અરજુન એવું જાણજો, તે પામે પદ નિર્ધાર. અરજુન.—૪૬
એ ભક્ત મહિમા માહરો, કોણે કહ્યો નવ જાય;
જેવું ભાગ્ય હોય તે અનુભવે, ધનદાસ ગીતા ગાય. અરજુન. ૪૭

કીરતન શામદાસનું.

ફનાડસે ચડી અસવારી, જાય ત્રવેણી અડી;
વિ ભાગ દાએ ચોકી દરવાન, વગર સલાટે ઘડી;—૧

પ્રેમ પિયા કે સંગ, મેં ત્રકુટી મેહેલપે ચડી; મુજે લગી સ્યામસે ન જડી;
પ્રેમ પીયા કે સંગ મેં ત્રકુટી મેંહેલપે ચડી. ટેક.
ઝરમર ઝરમર મેંવલા વરશે, વરશ રહી આજડી;
મેરૂ સીખરસે ઊતરી આ ગંગા, વીજલી હોકર ખડી. પ્રેમ૦—૨
વંક નાડકી ખુલ ગઈ ખીડકી, જોત બ્રહ્મ ઘર જડી;
આઠેઈ પોહોર ઘડીઆલી વાજે, વાગ રહી ઝાલડી. પ્રેમ.—૩
સુન પરમહા સુન હુએ, એ સુન પરમડી;
એ મડીમાં મારો અલખ બિરાજે, જુઓને સુરતા ઘડી; પ્રેમ.—૪
રતનાગરમાં રતન નિપજે, ભવ સાગરમાં હે માણી;
એ માણી મર જીવ્યો લાવે, પ્રેમ સાગરમાં પડી; પ્રેમ.—૫
મળી જોતમાં જોત, જીઉ દુધમાં સાકર મળી;
હીરા માણક રતન પદારથ, અમુલખ વસ્તુ જડી; પ્રેમ.—૬
કાયા નાગરી કે દશ દરવાજે, મજબુત કરીને મડી;
ચેતન પુરષ માંહિથી નીકળ ગયો, તો સુની પડી આ મડી; પ્રેમ.—૭
શામદાસકુ સદ્‌ગુરૂ મિલ્યા, સુરતા તાહા ઘોડાઇ;
સાધુ જનકો ભરમ મટાવે, ધોખા મટાવે ઘડી; પ્રેમ.—૮

રેખતો હરદાસનો.

ખાલકને ખલક બિચ, પ્રેઆ ખેલ બનાયા:
હિંદુને મુસલમાન, દોનુ રાહ ચલાયા.—૧

અલાહ કહે મુસલમાન, હિંદુ રામકું ગાયા;
વાં કુરાંન વાં પુરાન, દોનુંકું બાચ સુનાયા.—૨
મુસલમાન મસિતાં, હિંદુ દેવલ બનાયા;
વએ પુજા વએ નિમાજ, ભલા દોનુંને ચાયા.—૩
બ્રાહ્મણ ઉને ફકીર, ખુશી હોકે ખીલાયા. [redacted]
વએ ધરમ વએ ખએરાત, નાંમ ઠીક ઠેરાયા.—૪
સાહેબ કે સભી લોક, જુરા કીને બતાયા;
કરતા હએ જએસા કામ, તએસા તિનેહી પાયા.—૫.
સબનુ મે સાહેબ એક, દુજા કીસને ભતાયા;
હરદાસ એસા જાન, વાસું ધ્યાન લગાયા.—૬

રાગ હોરી હરીદાસની.

પ્રભુ કરીએ ભક્તિ તમારી, બુદ્ધિ આપજો સારી—ટેક.
અજ્ઞાન પ્રાણી છીયે તમ તણા, વિનતિ સુણજે મારી;
હાથ ઝાલીને ભવસાગર ઉતારો, હું જાઉં તમ પર વારી; [illegible] ૧
હમે છીયે બાળક અજાણી, છીયે ઘણા આભારી;
શું રચના હું તારી વખાણું, તારી કુદરત છે ભારી; પ્રભુ.—૨
અરજી હમારી સુણ તું દેવ, તું છો [illegible] ઉપકારી;
એવી ભક્તિ કરાવજે સ્વામી, જે હોય તમને પ્યારી; પ્રભુ.—૩
[illegible], જે સરણે રાખીશ તારી;
કહે [illegible] દરશન આપો મોરારી; પ્રભુ.—૪

દોહરો.

શામ પાસ અંતરમાં, જે છે શ્રી અવિનાશ;
જુઓ તેને અભ્યાસથી, જેનો જગમાંહે વાસ.—૧
શરિર માંહે તેને ખોજિયે, જે વિશ્વ પતિ છે નાથ;
સમરણ તેનું કીજિયે, જેનો રચેલ સર્વે ઠાઠ.—૨
ક્યાએ ખાલી જગ્યા નથી, સરવે વ્યાપક રામ;
જે હરિજન પરમાર્થિ, તેનાં અંતરમાં છે શ્યામ.—૩
સરવે વ્યાપક નાથ છે, જેમ પવન પંખાની પાસ;
સમરણ કીજે ભાવથી, તો પુરી કરશે આસ.—૪
પ્રભુ વ્યાપક એમ છે, જેમ ચંદન માંહે શ્વાસ;
ઘસ્યાવિના ન પ્રગટે, એમ બોલ્યા હરિના દાસ.—૫

ગરબી દુરગાદાસની.

લટક હરે આરે બેની; શું વાત કહુ તમ આગળ એની.—૧
ગાંપે વાત જમુનારે ગયાતાં; સામા મળ્યા મધના માતાં.—૨
મુજપર કંકરીર નાંખી; મનમાં હે કોપી પણ રહી સાખી.—૩
આવી મારે છેડલે રે વળગો; માદ પરાણે કીધો અળગો.—૪
મંત્ર ભણી નેરે કાલે; અમને વસ કીધાં ગોવાળે.—૫
મધુરશા મુરલીરે વાઈ; તણે મારો તન મન રહ્યા [illegible] ધાઈ.—૬
ગુમાનીડો ચાલ્યોરે વનમાં; હરિ વેણ સાલે મારા તનમાં.—૭
બોલાપર મનડોરે મોહ્યો; વાલે મારે પાછો ફરી નવ જોયો.—૮

હવે કેદી મળશું રે હરિને; હયડો મારો આવ્યો ભરીને.—૯
અબળા જોઇને રે ભાવ્યા; દુરગાદાશ પ્રભુ ઘેર આવ્યા,—૧૦

ગરબી નરભેરામની.

સખી શું રે થયું વ્રજનારનેરે, મયડા સાટે વેહેચ્યેછે મોરારનેરે;
સખી શું રે ૧
ગોપી પ્રેમ મનમાં થઈ નિસરીરે, એના શરીરની સુધ બુધ વિસરી રે;
સખી શું રે. ૨
એને કારજ લાગું વાટમાંરે, બહુનામી બિરાજે મઇના માટમાં રે;
સખી શું રે. ૩
ગોપિ ત્રણ ભવન નથી સારતીરે, હિંડે હિંડે હરિએ હરિએ પુકારતી રે;
સખી શું રે. ૪
નરભેરામના સ્વામીને ઓળવોરે; મેં તો સંસારીઓ કીધો ધોળવોરે:
સખી શું રે. ૫.

ઓધવજીનો સંધેસો.

ઓધવજી એક વાત કહું, નિજ પ્રેમની, વાલે કીધો મથુરાંમાં જઈ વાસજો;
ગોપાણુ તો સાચુ રે અમારે એહતું, પ્રેમ કરીને પ્રભુ રહેતા અમ પાસજો; ઓધવજી. ૧
તમને [illegible] ઓધા શ્રી કૃષ્ણના, પાસે રહે તેને ન લાગે રંગ પાસજો;
[illegible] મિરગની નાભિયે, છે પાસે પણ સુંગે જઈ ઘાસજો;
[illegible]વજી. ૨

ભગવા પેહેરી સાધન સાધિ જાઈ, વનમાં ભાએ સાથસે કંદ મુળ ખાયજો
પવન અડાવી કંઇ તલખી મુવા, મહાયો અમારો નેડા ફંધીઆ માંહેજો;
ઓધવજી. ૩

ખટ દરસન તો ખટપટ માંહિ પડયા,ત્રિકમજી તમ પાસે એમ માયાએજો
વ્રજ જનમાંહિ તો રાત દીવસ રંગે રમે, ઓધા વસોછો કઇ જગ્યાએજો;
ઓધવજી. ૪

યોગ લઇને ઓધા ક્યાં ભટકાએ; ચટકો લાગ્યો ને પડયાં છે કંઇ છેદજો;
બ્રહ્મા તો ભુલ્યારે ચલિત્ર જોઇને; સેખ સરખા પાર ન પામે વેદજો;
ઓધવજી. ૫

હરિયે પોતાનું ધામ અમને દેખાડિયું, જ્યાં નહિં વાયો પાંચ તત્વ સુર ચંદ્રજો;
ઇન્દ્રનો કોપ્યો ગોરધંન કર ધર્યો, ગોપિયોમાં કાંઇ રાસ રમ્યા ગોવિંદજો;
ઓધવજી. ૬

વિશ્વાસ ન આવે રે અમને યોગ જો, છે તો ગુપત પણ પ્રગટ કરી હું આજજો.
આ માગ ઇદ્રતો અમ હૃદય વસે, માયા સહિત કરે મર કરા મહારાજજો;
ઓધવજી. ૭

ઓધવજી આવ્યાને આનંદ વાધ્યો, તાપ સમાવી પોહોંચી મનની આસજો
વચન સુણીને ઓધવ હરખ્યા, કરજોડી કહે હરિ ચરણે રણુદાસ જો,
ઓધવજી. ૮

———:o:———

પ્રીતમદાસ.

કક્કો.

છપાચાછંદ.

કક્કા કર સદ્‌ગુરૂનો સંગ, રૂદે કમળમાં લાગે રંગ;
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દુર પળાય.
લીંગવાસના હોએ ભંગ, કક્કા કર સદ્‌ગુરૂનો સંગ. ૧
ખખ્ખા ખરેખરી છે વાત, તે શ્રીમુખે કહી સાક્ષાત;
જ્ઞાની મુની જોગી જતી, ગુરૂકૃપા વણ સિદ્ધિ નથી.
જન્મ મરણની ઘડશે ઘાત, ખખ્ખા ખરેખરી છે વાત. ૨
ગગ્ગા ગુરૂની સેવા કરો, પરનિંદા પરધન પરહરો;
પ્રપંચ તે પડવાનો ઠામ, સાચે રાચે સીતા રામ.
એ શીખામણ ચિતમાં ધરો, ગગ્ગા ગુરૂની સેવા કરો. ૩
ઘઘ્ઘા ઘણું કહે શું થાય, ભવ તરવાનો એ ઉપાય;
સમજીને સંશય ટાળવા, બાહ્યભ્યંતર હરિ ભાળવા.
જોતાં જીવ દશા તો જાય, ઘઘ્ઘા ઘણું કહે શું થાય. ૪
નન્ના નિર્મળ તેની દશા, જેને હરિ રૂદયમાં વસ્યા;
પોતાના અવગુણને હણે, પરના તો રૂદએ નવ ગણે;
[illegible] નન્ના નિર્મળ તેની દશા. ૫
[illegible], સાથે મરણ તણો છે ભે;

કાયા ઉપર તાકે કાળ, મોહ પારધીયે માંડી જાળ;
તેમાં હરિ રાખે તો રહે, ચચ્ચા ચિતમાં ચેતી લે. ૬
છચ્છા છે માયા ગુણ મયી, બળવંતી પણ દીસે નહીં;
દાનવ માનવ ને દેવતા, આધિન થઈ સોએ સેવતા;
હરિજન આગે હારી રહી, છચ્છા છે માયા ગુણમયી. ૭
જજ્જા વિરલા જાણે ભેદ, માયા પ્રપંચ વિધિ નિષેધ;
તે માયાનુ તજવું માન, માયાપતિ ભજવા ભગવાન;
અંતરમાં ઉપજે નિર્વેદ, જજ્જા વિરલા જાણે ભેદ. ૮
ઝઝા ઝાંખી જેને જેહ, વણ વાદળ જ્યાં વરસે મેહ,
વિના સરોવર અંબુજ સાર, વિના ભમર ઊઠે ગુંજાર,
વિના અર્ક અજવાળુ જેહ, ઝઝા ઝાંખી જેને તેહ. ૯
નન્ના નામ નાવ છે સાર, જે બેસે તે ઉતરે પાર,
કાળ કર્મ નહિ લાગે લેશ, છે આનંદી હરિનો દેશ,
તે પદને પામે નિરધાર, નન્નાં નામ નાવ છે સાર. ૧૦
ટટા ટેક જનમનો ટળે, અંતરજામી ઘટમાં મળે,
નાના મોટા હરીના ઘાટ, કાંઈ સુક્ષ્મ ને કાંઇ વૈરાટ;
હરિને ભજતાં હુંપદ ગળે, ટટા ટેક જનમનો ટળેજી. ૧૧
ઠઠા ઠેકાણુ છે ઠીક, જ્યાં ન મળે બીજાની બીક,
નિર્ભય નારાયણનો વાસ, પ્રેમ ધરીને રાખે પાસ,
સમજુ માની લેને શીખ, ઠઠા ઠેકાણું છે ઠીક. ૧૨
ડડા ડહાપણ મુકી દે, સદ્ગુરૂને શરણે જે રહે

વચનતણો રાખી વિશ્વાસ, કુકલ્પનાનો કરશે નાશ;
ઉપાધીથી અળગો રહે, ડડા ડાપણ મુકી દે. ૧૩
ઢઢા ઢોલ વગાડી કહ્યું, રૂડા પુરૂષને રૂદીએ રહ્યું,
સમજ્યા તેણે લીધો સાર, ગાફલ નર તો ખાશે માર.
જોતામાં જોબન તો ગયું, ઢઢા ઢોલ વગાડી કહ્યું. ૧૪
રેણા રણ ચોરાશીતણું, તેનું વ્યાજ વધેછે ઘણું-
હાણીગાણમાં ડુબી ગયો, દેવાળુ કાઢીને રહ્યા;
જમકિંકર કરશે તાપણું, રેણારણ ચોરાશીતણું. ૧૫
તત્તા તારૂ આપ તપાસ, ક્યાંથી આવ્યો ક્યાં તું જાશ;
ખેપ કરીને ખોળી કાઢ, હરિફ હોય તો લાગે હાડ;
ગુરૂના મનમાં નહી ત્રાસ, તત્તા તારૂ આપ તપાસ. ૧૬
થથ્થા થિર તો રહેવું નથી, કોણ રંક કોણ પૃથ્વી પતી;
આજ કાલમાં જાવું સહી, કોટી ઉપાયે રહેવું નહીં;
ભાવ ધરી ભજ કમળપતિ, થથ્થા થિરતો રહેવું નથી. ૧૭
દદા દેહ દેવળમાં દેવ, સેવક થઇને કરને સેવ,
પ્રેમ પુષ્પ ને ચંદન હાર, જ્ઞાન દિપક ઘટમાં અજવાળ;
અંતરનો ટાળે અહમેવ, દદા દેહ દેવળમાં દેવ. ૧૮
ધધા ધરજે ધારણ ધીર, વાચ કાછ વશ રાખે વીર;
[illegible] ગ્રહજે સમશેર, શત્રુદળમાં પાડે ભેળ;
સદગુરૂ બખ્તર પેર શરીર, ધધ્ધા ધારણ ધરજે ધીર. ૧૯
નના નિશાન [illegible], ધીર વીર પગ [illegible]

કાયર નરનું નહીં ત્યાં કામ, સુરવિરનો સાચો સંગ્રામ
જીત્યા નિર્ગુણ જગમા જોય, નજા નિશાન ગુરૂનુ છોય. ૨૦
પપ્પા પુરાની જે પ્રીત, મેરૂ ચળે પણ ન ચળે ચિત,
ધ્રુવની પેરે અવિચળ રહે, સ્તુતિ નિંદા ને સુખ દુખ સહે;
નારાયણને નિરખે નીત, પપ્પા પુરાની જે પ્રીત. ૨૧
ફફા ફોગટ તે કોણ ફરે, સચેત થઈ હરી સમરણ કરે;
જન્મ મરણમાં આવે નહીં, જેનુ મન વસિયુ હરિ મહીં;
જઠરા વાસ ન નિશ્ચે કરે, ફફા ફોગટ તે કોણ ફરે. ૨૨
બબ્બા બોલે તેને જાણ, મુકી દેને મનની તાણ;
હું મારૂ રૂદયેથી ટાળ, પરમારથમાં પિંડજ ગાળ;
દયા દીનતા મનમાં આણ, બબ્બા બોલે તેને જાણ. ૨૩
ભભ્ભા ભજનથકી ભય ટળે, નિશ્ચય કાલ કરાળ ન ગળે;
ભેખ ધરે જો સિદ્ધિ થાય, ભાંડ ભવૈયા વૈકુંઠ જાય;
જેવો ભાવ તેવા હરિ ફળે, ભભ્ભા ભજનથકી ભય ટળે. ૨૪
મમ્મા માયા મનની જાણ, મારૂ તારૂ ખેંચા તાણ;
સગળે સરખો આતમરામ, સાંધા વાંધા મનનુ કામ;
માટે મન હરિ ચરણે આણ, મમા માયા મનની જાણ. ૨૫
જજ્જા જીવ–પણુ જેહને, સંશય શોક સદા તેહને;
આતમ બુદ્ધિ ન ઉપજે કદા, આશા તૃષ્ણા બહુ આપદા;
દેહ દરશિ દપે દેહને, જજ્જા જીવ–પણુ જેહને. ૨૬
રૈરા રામ ભજનમાં રહે, બીજુ બકવુ મુકી દે;

વળતો શીદ વદેછે વાત, નીર વલોવે ના આવે સ્વાદ;
હરિનુ [illegible] હેતે ગ્રહે, રેરા રામ ભજનમાં રહે. ૨૭
લલ્લા લે તું આતમ-લાવ, ફેરી ફરી નહિ આવે દાવ;
જીતી બાજી હારિશ નહીં, સમજીને શીખામણ કહી;
હવે ન ચુકીશ આવો દાવ, લલ્લા લે તું આતમ લાવ. ૨૮
વવ્વા વેદ-વચન નિરધાર, જે ગ્રીછે તે પામે પાર;
ઊંચ નીચનો અંતર નથી, સમજ્યા તે પામ્યા સદગતી:
સંશય સૌ તજવો અહંકાર, વવ્વા વેદ-વચન નિરધાર. ૨૯
શશ્શા સાધન સર્વે થયું, જેનુ ચિત હરિ ચરણે રહ્યું;
હરતાં ફરતાં હરિનુ ધ્યાન, તપ તીરથ તેને બહુ દાન;
કોટિ વિઘન ભય દુકૃત ગયું, શશ્શા સાધન સર્વે થયું. ૩૦
ખખ્ખા ખાંડનાં બીબાં ભરે, કોયલ કાગડો કુંજર કરે;
મીન મગર બહુ જળચર જાત, જેવુ બીબું તેવી ભાત;
મિસરી જોતાં તો મન ઠરે, ખખ્ખા ખાંડનાં બીબાં ભરે ૩૧
સસ્સા સગળે સુંદર શ્યામ, હરી વિના નહિ ઠાલો ઠામ;
અનેક રૂપે એનાં નામ, આદ અંતે એકજ રામ;
જો સમજે તો પુરણ કામ, સસ્સા સગળે સુંદર શ્યામ. ૩૨
હહ્હા હરી ભાળો ભરપુર, દોષ કર્મ તો રહેશે દુર;
રવિને રજની નહિ કો કાળ, તેમ આતમા પુરણ ભાળ,
નિર્મળ નયણે નિરખો નુર, હહ્હા હરી [illegible] ૩૩
[illegible] ગુરૂ મતે [illegible]

અક્ષર અક્ષર આતમ બોધ, જો સમજે તો ટળે વિરોધ;
સંવત અઢાર બત્રીની સાલ, ચૈત્ર સુદી સાતમ સોમવાર. ૩૪
સંદેસર સાધુનુ નામ, ઠાકોર કુંજબિહારી ધામ;
પ્રીતમ પ્રેમે અક્ષર કહ્યા, હરિ ગુરૂ સંતે કીધી દયા, ૩૫

નરસિંહમેહેતો.

આત્મજ્ઞાન વીષે. રાગ પ્રભાતી પદ ૧.

જ્યાં લગી આતમાં તત્વ ચીન્યો નહીં, ત્યા લગી સાધના સર્વે જુઠી;
માનુષ્ય દેહ તારો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટી વુઠી. જ્યાં ૧
શુ થયું સ્નાન સેવાને પુજાથકી, શુ થયું ઘેર રહી દાન દીધે.
શુ થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શુ થયું વાળ લોચન કીધે. જ્યાં. ૨
શુ થયું તપને તીર્થ કીધાથકી, શુ થયું માળ ગ્રહી નામ લીધે;
શુ થયું તીલકને તુલસી ધાર્યાથકી, શુ થયું ગંગાજળ પાન પીધે. જ્યાં. ૩
શુ થયું વેદ વ્યાકરણ વાણી વદે, શુ થયું રાગને રંગ જાણે;'
શુ થયું ખટ દરશન સેવાથકી, શુ થયું વરણના ભેદ આણે જ્યાં ૪
એછે પરપંચ સહુ પેટ ભરવાતણા, આતમારામ પરીબ્રહ્મ ન જોયો;
ભણે નરસઈયો કે તત્વ દરશન વીના, રત્ન ચીંતામણી જેમ ખોયો જ્યાં. ૫

પદ ૨.

અલ્યા નામ પામ્યો પણ રામને નવ લહ્યા,
વૈષ્ણવ પદકેરૂ બીરૂદ ઝાલે;

ઘર વચ્ચે પુત્ર વિના જેવુ પારણું,
વર વીના જેહવી જાન માલે. અ० ૧
વ્યાધી વેદના વીશ્વની નાટળે,
ડાલો ગગનમાં મેઘ ગાજે;
હરીને જાણ્યા વીના હરીકેરો જન થયો,
વાત પકવાનથી ભુખ ન ભાજે. અ०
તુ એમ જાણે જે હરિજન હું થયો,
વિશ્ણુપદ ગાઈ થયો ભક્ત ભવમાં;
કરણો તો કાગની હોડ કરે હંસની,
હંસને તો હશી કાઢે લવમાં. અ० ૩
પંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહીં,
ફોગટ બ્રહ્મને દુર ભાળે;
અગણિત બ્રહ્મનુ ગણિત લેખુ કરે,
દુષ્ટ ભાવે કરી માળ ઝાલે. અ० ૪
જો નિરાકારમાં જેહનુ મન ગળે,
ભિન્ન સંસારની ભ્રાંતી ભાગે;
દાસ નરસીયો તે તેને ચરણે નમે,
જ્ઞાન વિજ્ઞાનની જ્યોત જાગે. અ० ૫

પ્રીતમદાસ.

સાખિયો.

સદગુરૂને ચરણે નમું, માગુ પ્રેમ પ્રસાદ
દયા કરીને દીજિયે, હરિરસ અમૃત સ્વાદ.

વાણી શકે ન વરણવી, સદગુરૂતણું સ્વરૂપ;
બુદ્ધી બળ પહોંચે નહીં, ઉપમા રહિત અનુપ. ૨
પરથમ પુરણ પ્રેમશું, વંદુ સદગુરૂ ચર્ણ,
તાપ ટળે સંસારના, મટે જન્મને મર્ણ ૩

ભજનાના મહિમાનો રાગ.

સાંભળ સુદ્ધ ચિતે કરી, હરીના ગુણ ગાન;
પ્રીત સહિત નિત નાથનું, રૂદયે [illegible] ધ્યાન. સાંભળ. ૧
ગુરૂપદ પંકજ પુજતાં, ચૌદ લોક પુજાય;
શીવ વિરંચિને શારદા, ગુરૂના જશ ગાય; સાંભળ ૨
અંતઃકરણ હોય ઉજળાં, જડ તિમર ટળિ જાય;
સરવે લાગે સુજવા, પદ-રજ મહિમાય. સાંભળ ૩
જપ તપ તીરથ જોગનું, ફળ જે કહેવાય;
પ્રીતમ સદગુરૂ સેવતાં, તેતો સરવે થાય. સાંભળ ૪

સાખી.

સદગુરૂની કરૂણા થકી, ઉપજે નિરમળ જ્ઞાન;
સુદ્ધ ચૈતન તુરિયા પદ, રહે નિરંતર ધ્યાન. ૧
કારતકે ચીત ચેત્યો નહીં, ઘડી લાખેણી જાય;
વળતી વિચારીશ જીવડા, પછેથી પસ્તાય. સાંભળ ૧
જો જાણે તો બાંધજે, પાણી પહેલી પાળ;
નીર ગયે નહિ નીપજે, શીર તાકે છે કાળ. સાંભળ ૨

કાયા કુસુમ છે કારમું, વેગે વણશી રે જાય;
અમર થાય એમ આતમા, એવો કરજો ઉપાય સાંભળ ૩
કહે પ્રીતમ તું પ્રીછજે, ઇચ્છજે કલ્યાણ;
સંત સમાગમ કીજિયે, મુકી મનની રે તાણ સાંભળ ૪

સાખી.

મનના પ્રપંચ મુકજે, કરજે તત્વ વીચાર;
રત્ન પદારથ જન્મ છે, ન આવે વારંવાર. ૨

માગશર માથા ઉપરે, મોટું મરણનું સાલ;
સારજા વહેછે ઉતાવળો, કાઈ આજને કાલ સાંભળ. ૧
અંતે કોઇ કોઇનું નહીં, રામનું લેને નામ;
એક ઘડી ન વિસારિયે, સુખ સાગર શ્યામ સાંભળ ૨
જુઠી બાજી જોઈને, મનમાં આવી ભુલ;
રૂડાં રંગે રળિયામણાં, સિમાળનાં ફુલ. સાંભળ ૩
સુત વિત્ત મંદિર સુંદરી, સુખ સુપન વિચાર
કહે પ્રીતમ સહુ કારમું, દીસે છે દીન ચાર સાંભળ ૪

સાખી.

મોતી સઉ ઉદક તણાં, તેના હાર ન થાય;
મિથ્યા મન મોદક કરે, તેણે ભુખ ન જાય ૩

પોસ તે પ્રાણી પીછજે, જેને ગુરૂમય હોય;
પરમારથ [illegible] છે, જતન કરશો જે કોય. સંભાળ ૧

અણછતું આપું માનીને, દુઃખ પામે અપાર;
શ્વાન સમાન આ જીવ છે, વહે શકટનો ભાર. સાંભળ
સામગ્રી સર્વે હરિતણી, ભોગવે સંસાર;
મારૂં મારૂં તે કરી રહ્યા, તેણે ખાય છે માર. સાંભળ ૩
તન મન જેણે સોંપિયું, શ્રી હરીને રે હાથ;
કહે પ્રીતમ તે પામિયા, વૈકુંઠનો સાથ સાંભળ ૪

સાખી.

તજશે આપે આપદા, ભજશે પુરાણ બ્રહ્મ
પલક માંહિ મલયજ થશે, કોટી જનમનાં કર્મ ૪
મોહ મહિને માયા તણો, મર્મ જાણે જેહ
ભુલવણીમાં ભુલે નહીં, તરે ભવજળ તેહ સાંભળ ૧
બાજીગરનો બબાકો, ગ્રહે હાથ ભુજંગ
અઉદશ બુટીને ઓળખે, વીષ વ્યાપે ન અંગ. સાંભળ ૨
નામ અમૃત જન જે પીયે, તેતો અમર થાય;
જનમ મરણની આપદા, તેની તતક્ષણ જાય. સાંભળ ૩
અજ ઉમયાપતિ અહિપતી, જપે નિશ દિન જેહ;
અનંત કોટી ગહી ઓધર્યા, પ્રીછે પ્રીતમ તેહ. સાંભળ ૪

પરસ્ત્રીનો સંગ ન કરવા વીશે.

રકી સ્ત્રીનો સંગ નવ કીજીયે, નામ લેતાં નર નરકે જાય;
ગ જગ્ન જપ તપ બહુ આચરે, તોયે તેથિ મુક્તી નવ થાય. પારકી. ૧

સુંદરીના મુખથી શુર્ણ ચરચું ભલું, શુણી તો એકજ માણ હરતી;
કઇ જુગ કેરાં સુક્રીત જો હોય, તેરે તરિયા તરત દૂર કરતી. પારકી. ૨
સ્નાનને દાનને માનને જ્ઞાનને, ધ્યાન સહિત એ પાંચ કહિયે;
કુળવંત હોય તેનું કુળ જાતુ રહે, કામની કેરે જો સંગ રહિયે. પારકી ૩
દાસ જીવન કહે આશ છે તાહરી, મારી કહુછું એ કર્મ કાણી;
વનિતાના સંગથી રાખજો વેગળો, દીનબંધુ મને દીન જાણી; પારકી ૪

નિષ્કુળાનંદ.

વઇરાગ વિશે પદ ૧.

જનની જીવોરે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગજી;
ઉપદેશ આપ્યો એણી પેરે લાગ્યો સંસારીડો આગજી જ. ૧
ધન્ય ધન્ય માતારે ધ્રૂવ તણી, કહ્યાં કઠણ વચનજી;
રાજ સાજ સુખ પરહરી, વેગે ચાલીયા વનજી જ. ૨
ઉડી નશકે રે ઊંટીયો, બહુ બોલાવ્યો બાજંદજી;
તેનેરે દેખી ત્રાસ ઉપનો, લીધિ ફકિરિ છોડયો ફંદજી; જ. ૩
ભલોરે ત્યાગ ભરથરી તણો, તજી સોળસે નારજી;
મંદીર ઝરૂખાં મેલી કરી, આસન કીધલાં બહારજી; જ. ૪
એ વૈરાગવંતને જાઉં વારણે, બીજા ગયારે અનેકજી;
ભલારે મુંડા અવની ઉપરે, ગણતાં નાવે છેકજી; જ. ૫
ક્યાં ગયું કુળ રાવણતણું, સગરસુત સાઠ હજારજી,
ન રહ્યું નાણું રે રાજાતણું, સર્વ સુપન વેપારજી; જ. ૬

છત્ર પતી ચાલી ગયા, રાજ મુકી રાજનજી;
દેવ દાનવ મુનિ માનવી, સર્વે જાણો સુપનજી; જ. ૭
સમજી મુકે તો સારૂં ઘણું, જરૂર મુકાવશે જમજી,
નિષ્કુળાનંદ કહે નહિ મટે, સાચુ કહું ખાઇ સમજી. જ. ૮

પદ ૨.

જંગલ વસાવ્યુ રે જોગિયે, તજી તનડાની આશજી;
વાત ન ગમે આ વિશ્વની, આઠે પહોર ઉદાસજી. જ. ૧
સેજ પલંગેરે પોઢતા, મંદીર ઝરૂખામાંયજી,
તેને નહીં તૃણ સાથરો, રહેતા તરૂતળ છાયજી; જ. ૨
શાલ દુશાલા ઓઢતા, ઝીણા જરકશી જામાજી;
તેણે રે રાખી કંથા ગોદડી, સહે શિરશીત ઘામજી; જ ૩
ભાવતાં ભોજન જમતા, અનેક વીધીનાં અન્નજી;
તે રે માગણ લાગ્યા ટુકડા, ભીક્ષા ભવન ભવનજી; જ. ૪
હાંજી કહેતાં હજારો ઉઠતા, ચાલતાં લશકર લાવજી;
તે નર ચાલ્યા રે એકલા, નહીં પેજાર પાવજી; જ. ૫
રહોતો રાજા રસોઈ કરૂં, જમતા જાઓ જોગી રાજજી;
ખીર નિપાવુ ક્ષણું એકમાં, તે તો ભીક્ષાને કાજજી; જ. ૬
આહાર કારણ ઉભો રહે, એકની કરી આશજી;
તે જોગી નહીં ભોગી જાણવો, અંતે થાય છે વિનાશજી જ. ૭
રાજ સાજ સુખ પરહરી, જે જન લેશે રે જોગજી;
તે ધન દારામાં નહિ ધસે, રોગ સમ જાણે ભોગજી જ. ૮

ધન્ય તે ત્યાગ વૈરાગને, તજી તનડાની આ ાજી;
ફુળીરે તજીને નિષ્કુળ થયા, તેનું કુળ અવિનાશીજી. જ. ૯

પદ ૩.

હું બલિહારી એ વૈરાગને, ઉપનો જેને અંગજી:
ચૌદ લોકને ચતુરધા; ન ગમે સુખનો સંગજી, હું બલિ ૧
સુખ ન ઇછે સંસારનાં, સમજે સુપન સમાનજી;
વાત ગમે એક વૈરાગની, તન સુખ ત્યાગવા તાનજી; હું બ. ૨
દુખીરે દેખે આ દેહને, રહે રાજી તે મનજી;
અનરથનું આ ગાર છે, જાણી ન કરે જતનજી; હું બ. ૩
રાત દિવસ રૂદિયા વિષે, વરતે એમ વિચારજી;
આ હું રે કોણને જઇશ ક્યાં, કરૂં તેનો નિર્ધારજી હું બ. ૪
કરૂ ઉપાય હવે એહનો, ડોળી દીશ (દીશજી;
ક્યારે ઉગારે મને કાળથી, સોંપુ તેને લવલેશજી; હું બ. ૫
રહે આતુરતા અંતરે, દેખી દેહ અનિત્યજી;
સુખ ન માને આ સંસારમાં, ન કરે કોઇશું પ્રીતજી હું બ. ૬
એવી દશા આવ્યાવિના, ન હોય તન સુખ ત્યાગજી:
ઉપરનો લાગેરે લજામણો, વગોણાસરખો વૈરાગજી. હું બ. ૭
હરિગુરૂ દેવ દયા કરે, આપે એહ વિચારજી;
નિષ્કુળાનંદ નિશંક થઇ, એકે તારે સંસારજી હું બ. ૮

પદ ૪.

ત્યાગ ન ટકે રે વૈરાગ વિના, કરિયે કોટી ઉપાયજી;
અંતર ઊંડી ઇચ્છા રહે, તે કેમ કરિને તજાયજી. ત્યાગ. ૧
વેષ લીધો વૈરાગનો, દેશ રહિ ગયો દુરજી;
ઉપર વેષ આછો બન્યો, માંહિ મોહ ભરપુરજી. ત્યાગ. ૨
કામ ક્રોધ લોભ મોહનું, જ્યાં લગિ મુળ ન જાયજી;
સંગ પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાયજી. ત્યાગ. ૩
ઊષ્ણ-રતે અવની વિષે, બિજ નવ દિશે બહારજી;
ઘન વરસે વન પાંગરે, ઈંદ્રી વિષય આકારજી ત્યાગ. ૪
ચમક દેખીને લોહ ચળે, ઈંદ્રી વિષય સંજોગજી;
આણભેટેરે અભાવછે, ભેટે ભોગવશે ભોગજી. ત્યાગ. ૫
ઉપર તજેને અંતર ભજે, એમ નસરે અરથજી;
વણસ્યોરે વર્ણા શ્રમ થકી, અંતે કરશે અનરથજી; ત્યાગ. ૬
ભ્રષ્ટ થયો જોગ ભોગથી, જેમ બગડયું દુધજી;
ગયું ઘૃત માંહિ માંખણ થકી, આપે થયું રે અશુદ્ધજી. ત્યાગ. ૭
પળમાં જોગી રે ભોગી પળમાં, પળમાં ગૃહિને ત્યાગજી;
નિષ્કુળાનંદ એ નરનો, વણ સમજ્યો વૈરાગજી; ત્યાગ. ૮

કવિ ભોજાભક્ત.

ચાબખો ૧.

મુરખો રળી રળી કમાણોરે બાપે મેલશે મોટે પાણો;

ધાઇધુતીને ધન ભેળુ કીધુ, કોટિ ધ્વજ કહેવાણો;
પુન્યને નામે પા જે ન વાવર્યો, અપવ્યયથી લુટાણોરે. મુ. ૧
ભર્યા કોઠાર તારા ધર્યા રેહેશે, નહિ આવે સાથે એક દાણો;
મસાણની રાખમાં રોળાઇ ગયા કૈક, કોણ રંક ને કોણ રાણોરે. મુ. ૨
મંદિર મળિયાં મેલિ કરીને, નીચે જઇ ઠેરાણો;
ભોજો ભગત કહે મુવા પુઠે જીવ, ઘણો ઘણો પસ્તાણોરે. મુ ૩

કલ્યાણદાસ.

રાગ પ્રભાતી પદ ૧.

સગપણ સાચું શાનું ભાઇ, શું માયાને વળગું રે;
ગરજના ગરજે સહુ મળ્યુ છે, અતે રહેશે અળગું રે, સ. ૧
ધનને કાજે તન પીલીને, ભુમિ ભેળુ ભળવું રે;
ઘડી એક તો પ્યારી જાય છે, તારે તો છે મરવું રે સ. ૨
ઊંચા ઊંચા મેહેલ બનાવી, ફુલ્યાં ફુલ્યા ફરવું રે;
એ મંદિરમાં કોણ માલશે, તારે તો છે મરવું રે. સ. ૩
બચકે બાંધ્યા વસ્ત્રને વાઘા, ઘણું ઘરેણું ગરવું રે;
પટોળાં તારાં કોણ પાળશે, તારે તો છે મરવું રે. સ. ૪
ભજન કરી લે મન વૈરાગી, ફટ હઇયાના ફુટયારે;
કહે કલ્યાણ કહ્યું નવ માને, એમ દિવસ તને [illegible] સ. ૫

પદ ૨.

કઇક કરમનો કરનારો તે, શરણુ તમારે આવ્યો રે;
મહા જાળમાં બાંધી નાંખ્યો, હવે હરિ છોડાવોરે. ક. ૧
પાપ કરતાં પાછું ન જોયું, હરીનું નામ હું ચુક્યોરે;
દુરિજનની સંગત મેં કીધી, દેવાળામાં ડુબ્યોરે. ક. ૨
અનાથ જતું રાંક બાપડા, તેમાં મેં કીધા વાસારે;
લખ ચોરાશી ફેરા ફરતાં, કરી મુક્તિની આશારે. ક. ૩
સોનું રૂપુ જંતર મંતર, તંતર મારે તું છું રે;
આ દુનિયામાં નથિજ ગમતું, મળવા આતુર હું છુરે. ક. ૪
નામ તણો મહિમા મોટો છે, કઇ પાપી નર તાર્યારે;
એવુ જાણીને દાસ કલ્યાણે, પ્રભુ પ્રેમે પોકાર્યારે. ક. ૫

શાંતિદાસ.

કાનુડે કામણ કીધલાં, ઓ બેની પેલે કાનુડે કામણ કીધલાં. ટેક.
કામનિયાંનાં કાળજાં બેદવા, બાણજ માર્યાં સીધલાં. ઓ૦ ૧
લવિંગ સોપારીને પાનનાં બીડલાં, અમને કાંઇ એક દીધલાં. ઓ૦ ૨
શુપ કરવું ને વળી શુ વાલો કરશે, એવુ જાણી અમે બીધલાં. ઓ૦ ૩
શાંતિદાસના સ્વામી રશિક શીરોમણી, આંખે અમીરસ પીધલા. ઓ૦ ૪

પદ ૨.

વારો જસોદા માવડી, કુંવરને વારો જસોદા માવડી; ટેક.
વાછડાં છોડીને વાલો વનમાં પધારે, હાથે ગેડીને પગે પાવડી કુ૦ ૧
નિત્ય નિત્ય ઉઠી વાલો વનમા સધારે, ગોવિંદ ચરાવે ગાવડી. કુ૦ ૨

મોળિયુ મરડીને બાંધે મારો વાલો, બાંધણી એ કેઇપેરે આવડી. કુ૦ ૩
કોણ જાણે શુ ખાઇને જનમીયા, કાંધેછે ભાતની પાવડી. કુ૦ ૪
શાંતિદાસના સ્વામી રસિક શિરોમણી, શીખ સી દેઇ મુકી આવડી કું૦ ૫

પદ ૩.

દીઠડો કાન કોડામણો, કોઇયે સખી દીઠડો કાન કોડામણો, ટેક.
છેલછબીલોને છોગાવાળો, રૂડોને ખુબ રળિયામણો. કો૦ ૧
મહિ છલવાની વાલો બુદ્ધિ નિપાવે, શામળીયા સોહામણો. કો૦ ૨
શાંતિદાસના પ્રભુ રસિક સિરોમણી, પોતે થઈ ગયો વામણો. કો૦ ૩

પદ ૪.

જાને ગોવાલણી જુઠી, અહીથકી જાને ગોવાલણી જુઠી; ટેક.
મહિ વેચવાને તુ કાલે આવીતી, અંગળિયે પેરીને અંગુઠી; અ૦ ૧
જુઠા બોલ તુ શાને બોલેછે, મહિની મટુકી કયરો ફુટી; અ૦ ૨
હસતાં આળ ચડાવેરે બેઠી, મારૂ ગડીને કરૂ કુઠી; અ૦ ૩
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણી, માલ તારામાં નથી મુઠી. અ૦ ૪

પદ ૫.

જુઠડાને ક્યાં ઝાલુ, જુઓને દખી જુઠડાને ક્યાં ઝાલુ; ટેક.
વચન મોહનનાં લાગેછે મીઠડાં, કેવુ બોલેછે કાલુ કાલુ. જુ૦ ૧
એક વાર વાલોજી ઓરો આવે તો, ઘેરીને ઘરમાં ઘાલુ. જુ૦ ૨
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણી, એથકી બીતી હુ ચાલુ. જુ૦ ૩

પદ ૬.

કોઈ કન્યા નહિ આપે, કુંવરને કોઈ કન્યા નહિ આપે; ટેક.
સારાં ને લક્ષણ કુંવરજીકેરાં, નિત્ય ઉઠીને સંતાપે; કું૦ ૧
રૂડો તે વર શોધીને કહાડ્યો, રાધિકાજીને આપે; કું૦ ૨
શાંતિદાસનો પ્રભુ રસિક શિરોમણી, કુંવારો રહેશે એને પાપે. કું૦ ૩

પદ ૭.

જળ ભરવાને કેમ જાઊં, જસોદામા જળ ભરવાને કેમ જાઉં; ટેક.
વાટે જતાં વાલો પાણી માગેછે, માણસમાં કેમ પાઊં; જ૦ ૧
નાથજી નિલજ થઈને બેઠા, હુંય નિર્લજ થાઊં; જ૦ ૨
સોના રૂપાનો મારો ઘાટ ઘડુલો, ઉઢાણી રત્ન જડાઊં; જ૦ ૩
આણે તિરે ગંગા ને પેલી તિરે જમુના વચ્ચે સરસ્વતિ નાઊં; જ૦ ૪
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણી, હરખે હરી ગુણ ગાઊં જ૦ ૫

પદ ૮.

મનડાં વ્યાકુળ હરિં આવતાં, જોને એની મનડાં વ્યાકુળ હરિ આવતાં.
પારણિયાં પરશાળે મુક્યાં છે, બાળક મુક્યાં છે ધાવતાં; જોને૦ ૧
સાદ કરતાં સામા મળિયા, સ્વામી પેલાં ભોજન પાવતાં; જોને૦ ૨
વલોણું તાણતાં બાઝતા મોહન, માખાણ ખાતા ઘી તાવતાં જોને૦ ૩
શાંતિદાસ પ્રભુ રસિક શિરોમણી, હરખે હરી ગુણ ગાવતાં જોને૦ ૪

પદ ૯.

મન માને ત્યાં જાઓછો જી, ચમારૂ મન માને ત્યાં જાઓછો; ટેક.
આવાં રૂડાં ભોજન મેલીને, કોદરાને શીદ રે ખાઓછો જી; ત૦ ૧
આવાં રૂડાં તીરથ મેલીને, ખાબોચિયામાં શુ નહાઓછો જી; ત૦ ૨
નાના હતા ત્યારે ઢોરાં ચરાવતા, હમણાં મોટેરા થાઓછો જી. ત૦ ૩
શાંતિદાસ પ્રભુ રસિક શિરોમણી, અમને વાયદા વાઓછોજી. ત૦ ૪

પદ ૧૦.

કાનુડો કાળજાનિ કોર છે, એની મારે કાનુડો કાળજાની કોર છે; ટેક.
અટપટી પાગને કેસરીઓ વાઘો, માથે કળિયલ મોર છે; એ૦ ૧
વંદ્રાવનમાં વાલે વાંસળી વજાડી, મોરલીના સ્વર જોર છે. એ૦ ૨
શાંતિદાસ પ્રભુ રસિક શિરોમણી, ગોપી સંગ પાધરો દોર છે એ૦ ૩

પદ ૧૧.

આવો મારે ઘરે માણવા, કાનજી આવો મારે ઘેર માણવા; ટેક.
સરવેથી સારૂ ગોરસ મારૂ, હીરને તાંતણે તાણવા; કા૦ ૧
સૌ સૌને ઘર ધંધે લાગ્યાં, પુરૂષનાં વચન પ્રમાણવા; કા૦ ૨
કહેશે તેને ઉત્તર દઇશું, ઉતર બીજેથી નથી આણવા; કા૦ ૩
પાતળિયાજી મારે ઘેર પધારો, નથી એકુ કોઇ જાણવા; કા૦ ૪
શાંતિદાસ પ્રભુ રસિક શિરોમણી, મારે તારા ગુણ વખાણવા. કા૦ ૫

કવિ રાજે.

રાધિકાજી સ્વપ્નામાં પરણ્યાં તે વિષે.

રાગ પરજ પદ ૧.

ઊગેતે વાણે રાધાની માડી જાગી,
એના ચિતમાં ચટકી લાગીરે, આશુરે કીધું; ટેક.
કુંવરી મારે દુખના દરિયા આજ રેલ્યા, તેં કુળના મારગ મેલ્યારે આ૦ ૧
કુંવરી તારા કીયા વેરીએ વેર સાધ્યાં, તેં મીંઢળ કોનાં બાંધ્યારે, આ૦ ૨
કુંવરી તારે કેઈ નગરીમાં દાંત વહેંચ્યા, તે ચુડો કેનો પહેર્યોરે, આ૦ ૩
કુંવરી તેંતો છેવડો લીધો મારો ઝાલી; વરમાળા કેની ઘાલીરે; આ૦ ૪
કુંવરી તેંતો ઉપરણી કેની ઓઢી, તારે કીયા વરની જોડીરે; આ૦ ૫
કુંવરી તારો માંડવડો ક્યાં રોપ્યો. તારા વરને કોણે પોંખ્યોરે; આ૦ ૬
કુંવરી ત્યાંતો કીયા ગુરૂદેવ આવ્યા, તને કોણે વેદ ભણાવ્યારે; આ૦ ૭
કુંવરી તમને કોણે રંગ રમાડ્યા, તને કણસાર કોણે જમાડ્યારે; આ૦ ૮
કુંવરી તેં તો કુળમાં લગાડી ખામી, તેને મળ્યો રાજેનો સ્વામીરે.આ૦ ૯

પદ ૨.

એટલે ત્યાંતો બોલ્યાં રાધા વાત.
તું સાંભળ મારી માતરે, મેં બહુ સારૂ કીધું; ટેક.
માતારે મારી દુઃખના દરિયા નથી રેલ્યા, નથી કુળના મારગ મેલ્યારે મે.
માતા મારી શીશ તમારાં નથી વહેર્યાં, પાનેતર પ્રભુનાં પેર્યાંરે; મે૦ ૨

માતારે નથી વેરીએ વેર સાંધ્યાં, મીંઢળ મોહનનાં બાંધ્યારે; મે૦ ૩
માતા મારે મથુરા નગરમાં હાંત વહેર્યાં, મે ચુડો અવિચળ પેર્યોરે; મે૦ ૪
માતા મારો છગ્વડો લીધો નથી ઝાલી, વર માળ વિઠ્ઠલની ઘાલીરે; મે૦ ૫
માતા મેતો હરખે ઉપરાણી ઓઢી, મારે અખંડ વરનો જોડીરે; મે૦ ૬
માતા મારો માંડવડો વનમાં રોપ્યો, ઉમાયે વરને પોખ્યોરે; મે૦ ૭
માતા ત્યાં તો તેત્રિસ ક્રોડ દેવ આવ્યા, બ્રહ્માએ વેદ ભણાવ્યારે. મે૦ ૮
માતા મારી ક્રસ્ન—ચરણામ્રત મે પીધાં, ત્યાં શીવે કન્યાદાન દીધારે મે૦
માતા મારી બ્રહ્માયે રંગ રમાડયાં, કંસાર ઉમાયે જમાડયારે; મે૦ ૧૦
માતા મેતો શીવને ચડાવ્યા ફુલ ગજરા, વસુદેવ સરખા સસરારે. મે૦૧૧
માતા મેતો શીવને ચડાવ્યાં ફુલ જાસુ, દેવકીજી સરખાં સાસુરે; મે૦૧૨
માતા મેતો શીવને ચડાવીછે હળદી, સુભદ્રા સરખી નણદીરે: મે૦ ૧૩
માતા મેતો શીવને ધરાવેલ હાર, મને મળ્યા ક્રસ્ન ભરથારરે. મે૦ ૧૪
માતા મારી કુળમાં લગાડી નથી ખામી, મને મળ્યો શાર્ંગનો સ્વામીરે. મે.

[redacted] પદ ૩.

એટલે વળતી માતા બોલ્યાંછે વાણી;
તું સાંભળ પુત્રી શાણીરે, આ શુરે કીધુ;
કુંવરી એતો ક્રસ્ન કહેવાયો કાળો, તે ક્યાં શોધ્યો ગોવાળોરે. આ૦ ૧
કુંવરી એતો કાનુડો કામણગારો, એ ધીંગમલ ધુતારોરે; આ૦ ૨
કુંવરી એમાં ચાંદા સુરજની સાખ્યો, એને જસોદાજીએ રાખ્યોરે. આ૦
કુંવરી એતો ગાયો ચારીને પેટ ભરતો, પરનારી પાછળ ફરતોરે; આ૦ ૪

કુંવરી તારો તાત આ વાત જો જાણે તો કંઠે માણુજ આણે રે; આ૦ ૫
કુંવરી તેંતો નવ કરવાનાં કામ કીધાં, અમને દુઃખડાં બહુ દીધાંરે. આ૦ ૬

પદ ૪.

માતા મારી કસનને એમ, નવ કહિયે;
એને ચરણે જઈને રહિયે, તુ સાંભળ મારી માડી; ટેક.
માતા એતો ચૌદ ભુવનના છે વાસી, એને ચરણે કોટિક કાશીરે; તુ૦ ૧
માતા હવે પરણ્યાં તે ફોક કેમ થાશે, જો સુરજ પશ્ચિમ જાશેરે. તુ૦ ૨
માતા તારે કરવુ હોય તે કરજે, તારે મરવુ હોય તો મરજેરે. તુ૦ ૩
માતા હું તો પુરણ પદને પામી, મને મળ્યા રાજેના સ્વામીરે. તુ૦ ૪

રઘુનાથ દાસ.

ઓધવજીના સંદેશા. ગરબી ૧.

ઓધવજી આવ્યારે વેગે વ્રજમાં,
મથુરાંથી મોકલિયાછે એમજો.
વાલાને વાલાંરે વ્રજ અહિરડાં,
ગોપિજનના જોવા કારણ પ્રેમજો. ઓ૦ ૧
ગોકુળની શોભારે સુંદર શી કહુ.
નેહે આવ્યાં નંદજીને ભવનજો.
પુરૂષોતમ જાણીને મળિયા પ્રેમશુ,
પ્રીત કરીને કરાવિયાં ભોજનજો. ઓ૦ ૨
કુશળતા પુછીરે વાસુદેવની,

કુંવરનાં સંભારી સઘળાં કામજો.
જસોદા રૂવેને સુખડાં સાંભરે,
સઉકે કહે કેમ નાવ્યા સુંદર શ્યામજો. ઓ૦ ૩
વાંસળીયોને વલોણાં વાજે ઘણાં,
ઘેર ઘેર ગાય ગોકુળીયામાં ગીતજો.
આ મંગળ કીધાંરે દશ દિશાતણાં,
ત્રણ લોકમાં ફરેછે પુન્ય નિત્ય જો. ઓ૦ ૪
આંગણીયે આવીરે સરવે ગોપીયો,
રથ કાંઇ છુટયો દીઠો નંદને દ્વારજો.
અધરમી અક્રૂર ફરી આવ્યો હશે,
એજ ઘોડાને એજ દીસે અસ્વારજો. ઓ૦ ૫
આપણ સ્વામીને એ તેડી ગયો,
ત્યાં જઇ એણે મરાવ્યોછે કંસજો.
પ્રાણ લેઇને પાછો કેમ આવ્યો હશે,
માસીસો કરવાને લેશે માંસજો. ઓ૦ ૬
જમુનાંજીમાં નાહીને એટલે આવીયા,
જુવતીએ તો જાણ્યા શ્રીભગવાનજો.
રઘુનાથના સ્વામીના સેવક ઓળખ્યા,
અરસપરસ ત્યાં દીધાં ઝાઝાં માનજો. ઓ૦ ૭

ગરબી ૨.

ઓધવજી અમ સાથે રસિયો રૂસણે,
રીસાયા કેમ કહોને દીલની વાત જો.
આંટીને ઘુંટી તો અમે નવ જાણીએ,

મોહનજીના મનમાં મોટી ઘાતજો. ઓ૦ ૧
લક્ષણ સૌ જાણ્યાંરે લોભી લાલનાં,
ગુણવંત છે પણ ગાયોનો ગોવાળજો;
આહીરડો શુ જાણે રસની રીતમાં,
કાનુડો કાંઇ કુડાં ચડાવે આળજો. ઓ૦ ૨
જીવન સંગે રમવા જોબન જાળવ્યાં,
બાળાપણામાં ખાંતે કરતાં ખેલજો.
મનડાનાં વાતારે સઊ મનમાં રહી,
મેલી ગયા કાંઇ દુખડાંકેરી હેલજો. ઓ૦ ૩
વચને અમને વાહ્યાંરે એ વીઠલે,
જાતાં જાતાં જુઠો દીધો કોલજો.
છોકરડા સરખેરે અમને છેતર્યાં,
તજી ગયા એ તશ્કરનો શો તોલજો. ઓ૦ ૪
મહીયરીયે જાઊં તો મુજને ખીજવે,
સાસરીયામાં સાસુનો સંતાપજો.
ન્હાની નાણદલરે બાળે બોલડે,
પુરણ લાગ્યાં પાડોશણનાં પાપજો. ઓ૦ ૫
દુખડાંની વેળાંએ મુખડાં સાંભરે,
અંત સમે તો કોય ન આવે કામજો.
સગપણ તો સોનુરે પીતળ પ્રીતડી,
વાલપણામાં વેર કરી ને શ્યામજો. ઓ૦ ૬
દયા નવ આવીરે દીલથી ઉતર્યો,
દાસીનો તો દોષ ન જાણ્યો કાંયજો.
પરમેશ્વર જાણીને પ્રીતે પુજતાં,

હરીજીને અમે હાથે કરતાં છાયજો. ઓ૦ ૭
ભાણકારા વાગેછે ભોજન પીરસતાં,
જમણ કરીને જોઇએ હરીની વાટજે;
સાસુજી પુછેરે વહુઅર સાંભળો,
આનંદ કરતાં આવડો શો ઉચાટજો. ઓ૦ ૮
અવગુણને ગુણ શારે અબળા રાંકના,
વાંક ઘણો પણ વિનતા સંગ શુ વેરજો.
રઘુનાથના સ્વામીને કહેજો એટલુ,
ઘાણી થઈ હવે પ્રભુ પધારો ઘેરજો. ઓ૦ ૯

ગરબી ૩.

ઓધવજી માધવરે મેલી કેમ ગયા,
કહોને વીરા શોછે અમારો વાંકજો.
નમેરા થયારે નંદના લાલજી,
રણવગડામાં રોતાં મુકયાં રાંકજો. ઓ૦ ૧
ધીરજની વાતોરે ઘરથી સાંભળો,
પહેલી પ્રીતે હર્યા અમારા પ્રાણજો;
કાળજડાં છેદ્યાંરે ભીતર ભેદીયાં,
મરમ કરીને માર્યાં મોહનાં બાણજો. ઓ૦ ૨
ખધાંને પીધારે ખરચ્યાં વાવર્યાં,
એને અમારે આણવેચી મીરાતજો;
લજ્જા તો લોપીરે દુરિજન લોકની,
મોહન માટે તજ્યાં કુટંબને જાતજો. ઓ૦ ૩
વલોણું વલોવતી હું તો ત્યાં જઇ,

કહેતી ફુસી જાગો જસોદા માતજો;
મહીડીને મશે મળતી મહારાજને,
તેને મસે કરતી વળી હું વાતજો. એ૦ ૪
પરભાતે પાણીરે જમુનાં હું જતી,
શેરડીયોમાં સામા મળતા શ્યામજો;
અલબેલો કરતોરે અમશુ અતી ઘણા,
જુઠા ઝગડા જોતુ બાધુ ગામજો. એ૦ ૫
ઉઘાડો રમતોરે મારે આંગણે,
છોકરાડામાં માગી પીતો છાશજો.
માખણને મશેરે મચકે નાચતો,
અલબેલાની મોટી અમને આશજો એ૦ ૬
મેળાવો કરતોરે ઝાઝાં માંકડાં,
સુના ઘરમાં જઇને કરતો સાનજો;
બાળકડાં બીજાંએ અવરાર આવતાં,
દહી ગોરસડાં પાતો સઉને કાનજો. એ૦ ૭
મોભારે ચડતોરે માંખણ ચોરવા,
થાળ લઇને કરતો રસની રેલજો;
લાખેણી લીલારે એવી લાલની,
ખાંત કરીને કરતાં નવલા ખેલજો. એ૦ ૮
વીસ્તારી વાતોરે કીજે જેટલી,
સાંભરતામાં થાય ઘણો સંતાપજો.
એ રઘુનાથના સ્વામીને સરવે સાંભરે,
તમે તમારૂ જુવે વીર ી આપજો. એ૦ ૯